Dr. Meghna Rajendra Adhvaryu

NO. OW/2013/ESC2/5782-91

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક નં.૧૨/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર. **તા. ૧૭/૦૯/૨૦૧૩**

**વંચાણે લીધા :–**

૧) ગુજરાત જાહેર સેવા આયોગનો તા. ૧૭/૦૭/૨૦૧૩ના જાહેરનામાક્રમાંક: આરસીટી/૧૦૨૦૦૯/૧૦૭૪/આર. ૪
૨) શિક્ષણ વિભાગ, ગુ.રા.ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક: જીસીઓ/ ૧૫૧૩/૭૨૮/ખ તા. ૦૩/૦૮/૨૦૧૩
૩) કુ. અધ્વર્યુ મેઘના રાજેન્દ્ર એ અત્રે રજૂ કરેલ સોગંધનામું /બાંહેધરીપત્ર તથા ચેકલીસ્ટ તારીખ : ૧૭/૯/૨૦૧૩

વંચાણે લીધેલ આમુખ– ૨ અન્વયે ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૨માં ઉચ્ચ શિક્ષણના તાબા હેઠળની સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે મદદનીશ પ્રાધ્યાપકની જગ્યા પર નિમણૂંક માટે ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા પસંદગી પામેલ નીચેના **વનસ્પતિશાસ્ત્ર વિષયના મદદનીશ પ્રાધ્યાપકને રૂા. ૧૫૬૦૦–૩૯૧૦૦ – ૬૦૦૦ એજીપીના** પગાર ધોરણમાં સીધી ભરતી ધ્વારા તેઓ તેમની જગ્યાનો હવાલો સંભાળે તે તારીખથી **બે વર્ષના અજમાયશી સમય પર** નિમણૂંક આપવા બાબતે આ કચેરીના હવાલે મુકવાના અને આમુખ–૨ ની શરતોને આધીન તથા આમુખ–૩ને આધીન નીચે દર્શાવેલ ઉમેદવારને તેમના નામ સામે જણાવેલ કોલેજ ખાતે તદ્દન હંગામી ધોરણે કામચલાઉ અજમાયશી નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | મદદનીશ પ્રાધ્યાપક નું નામ/સરનામું | કેટેગરી | નિમણૂંકવાળી કોલેજનું સ્થળ |
|---|---|---|---|
| ૧ | કુ. અધ્વર્યુ મેઘના રાજેન્દ્ર | – | સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ, તા. માંગરોળ, જિ. સુરત |

**શરતો :–**

૧. જાહેરનામાની શરતો અને જોગવાઈઓ અન્વયેકુ. **અધ્વર્યુ મેઘના રાજેન્દ્રને આ સમય દરમ્યાન મદદનીશ પ્રાધ્યાપકોની જગ્યાના પગાર ધોરણમાં લઘુતમ** પગાર રૂા. ૧૫૬૦૦/– અને તેના પર અન્ય ભથ્થા મળવાપાત્ર થશે અને અજમાયશી સમયની પુરી મુદત દરમ્યાન તે જ પગાર મેળવશે અને કોઈ ઈજાફા મેળવવાપાત્ર થશે નહી. અજમાયશી મુદત પુરી થયે નિયમિત ધોરણે મદદનીશ પ્રાધ્યપકની જગ્યાએ નિમણૂંક થયા બાદ સામાન્ય દરે ઈજાફો મળવાપાત્ર થશે.

૨. આકસ્મિક રજા સિવાય કોઈ પણ પ્રકારની રજા અજમાયશી સમય દરમ્યાન લેવામાં આવશે તો અજમાયશીની મુદત રજાની મુદત જેટલી લંબાવવામાં આવશે.

૩. સરકારે નિયત કરેલ શૈક્ષણિક પ્રકારની અને અન્ય પ્રકારની જે કોઈ ફરજ સોંપવામાં આવે તે તેમણે બજાવવાની રહેશે.

૪. અજમાયશી સમય દરમ્યાન તેમની કામગીરી સંતોષકારક નહી હોય તો અજમાયશી સમય દરમ્યાન અથવા અજમાયશીનો સમય પૂર્ણ થતાં તેઓની અજમાયશી સેવાનો અંત લાવવામાં આવશે.

૫. ઉક્ત ઉમેદવારને નિમણૂંક આપતાં અગાઉ, સરકારી નોકરી માટે શારીરિક યોગ્યતાના તબીબી પ્રમાણપત્રો તથા તેઓના ચારિત્ર અને વર્તણૂંક અંગનો પોલીસ અહેવાલ મેળવ્યા બાદ જ વિગતવાર નિમણૂંકના આદેશ કરવાના રહેશે.(ઉમેદવારે આપેલ બાંહેધરી પત્ર તથા ચેકલીસ્ટને પણ ધ્યાને લેવાનું રહેશે. )

૬. સરકારી નિયત કરેલ અને તેમને લાગુ પડતી હિન્દી અથવા ગુજરાતી ભાષાની ભાષકીય પરીક્ષા અને તેવી અન્ય પરીક્ષા જે કોઈ નિયત કરવામાં આવે તે પાસ કરવાની રહેશે. ખાતાકીય પરીક્ષાના નિયમોમાં ઠરાવલ સમય–મર્યાદામાં ભાષાકીય પરીક્ષા ઉત્તીર્ણ કરવામાં નહી આવે તો, ત્યાર પછીના ઈજાફા તેઓ તેવી પરીક્ષા પાસ કરે નહી ત્યાં સુધી અટકાવવામાં આવશે.

૭. નિયત સમય મર્યાદામાં ફરજ પર હાજર થયેલ ઉમેદવારની સીનીયોરીટી આયોગેઆપેલ ક્રમ મુજબ રહેશે.

૮. પગાર, રજા, પેન્શન વર્તણૂંક વગરે સેવા વિષયક અને શિસ્ત વિષય અન્ય બાબતોમાં સેવાની શરતો ગુજરાત મુલ્કી સેવા નિયમો, ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂંક) નિયમો અને ગુજરાત મુલ્કી સેવા (શિસ્ત અને અપીલ) નિયમો વગેરે સરકારે પ્રસિધ્ધ કરેલ નિયમો અને વખતો વખત બહાર પાડેલા નિયમોને આધિન રહેશે.

૯. ગુજરાત જાહેર સેવા આયોગ ધ્વારા પસંદગી પામેલ ઉમેદવારો જે તે જગ્યાના ભરતી નિયમો પ્રમાણેની શૈક્ષણિક લાયકાત અને/અથવા અનુભવ, ઉમર, નાગરિકત્વ જાતિ વગેરે બાબતોની જોગવાઈ સંતોષે છે કે કેમ? તેની ખાત્રી આચાર્યશ્રીએ કરવાની રહેશે.

૧૦. આ જગ્યા માટે નકકી કરાયેલ લાયકાત ધરાવતા ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨/૧/૭૦ના પરિપત્ર ક્રમાંક:પીએસસી/૧૦૬૮/૬૫૫૪/ગ ની જોગવાઈ અનુસાર **તબીબી તથા પોલીસ તપાસ વિના આવા ઉમેદવારોને તાત્કાલિક અસરથી કામ ચલાઉ ધોરણે નિમણૂંક આપવા માટે જે તે ઉમેદવાર પાસેથી મેળવવાનું એકરારનામું ઉમેદવારે રજૂ કરેલ છે જે અન્વયે તેઓ તબીબી/પોલીસ તપાસમાં કોઈ રીતે નિષ્ફળ સાબીત થશે તો તેમની નિમણૂંક મૂળ અસરથી રદ થવાને પાત્ર રહેશે. આવી તબીબી અને પોલીસ તપાસની કાર્યવાહી નિમણૂંક થવાના હુકમથી ત્રણ માસમાં પુરી કરવાની રહેશે.**

૧૧. આ શરતો વાંચી , સમજીને નિમણૂંક સ્વીકાર્ય છે તે મતલબનું એકારનામું નોકરીમાં હાજર થતી વખતે અરજદાર આચાર્યશ્રીને આપવાનું રહેશે. અને તેની એક નકલ આ કચેરીને મોકલી આપવી.( ચેકલીસ્ટ મુજબ )

૧૨. સરકારશ્રી ધ્વારા નકકી કરવામાં આવેલ નિયત નમુનામાં સીક્યોરીટી અને સ્યોરીટી બોન્ડ નિમણૂંક મેળવનાર ઉમેદવારે આચાર્યશ્રીને આપવાનું રહેશે, (ચેકલીસ્ટમાં જણાવ્યા મુજબ ), અને આચાર્યશ્રીએ આ કચેરીને તેની એક નકલ અચૂક મોકલી આપવી.

૧૩. હાલ આ વિષયના જે એડહોક મદદનીશ પ્રાધ્યાપક /કરાર આધારીત વ્યાખ્યાતા સહાયક ચાલુ હોય અને મહેકમ સંપૂર્ણ ભરેલું હોયતો આ વિષયના એડહોક/ જુનીયર વ્યાખ્યાતા સહાયકને તાત્કાલિક છૂટા કરવા અને તેઓની ખાલી પડેલ જગ્યા પર આ મદદનીશ પ્રાધ્યાપકને હાજર કરીને, કરેલ કાર્યવાહીની જાણ આ કચેરીને કરવી.

૧૪. નિમણૂંક મેળવતા ઉમેદવારે ભરતી નિયમોનુસાર જરુરી કોમ્પ્યુટર કૌશલ્યની લાયકાત ધરાવે છે કે કેમ? તેની ચકાસણી કમિશ્નરશ્રી(ઉ.શિ.)એ કરવાની રહેશે. (જે સબબ ચેકલીસ્ટ તેમજ બાંહેધરી પત્ર લીધેલ છે.) અને નિમણૂંક મેળવતાં ઉમેદવારએ સરકારશ્રીના **સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦/૯/૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૦૬/૩૧/ ખતપ/ ૧૦૨૦૦૫/ ૧૫૧૯/ક તથા સરકારશ્રીના વખતોવખતના સંબંધિત આદેશો અનુસાર કોમ્પ્યુટર કૌશલ્યની લાયકી પરીક્ષા પાસ કર્યાના પ્રમાણપત્રો આચાર્યશ્રીએ મેળવીને આ કચેરીને મોકલી આપવાના રહેશે. વધુમાં સરકારશ્રી ધ્વારા વખતોવખત જે કોઈ લાયકી પરીક્ષા પાસ કરવાનું ઠરાવવામાં આવે તે નિમણૂંક પામતા ઉમેદવારોએ સરકારશ્રીએ ઠરાવેલી નિયત સમય મર્યાદામાં પાસ કરવાની રહેશે.અને તે અંગેની ખાતરી કમિશ્નરશ્રી ઉચ્ચ શિક્ષણે કરવાની રહેશે.**

૧૫. ઉમેદવારની નિમણૂંક થાય ત્યારથી બે વર્ષ સુધી તેમની કામગીરીનો ખ્યાલ આપતો E.R. /વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ નિયત નમુનામાં સમયસર આચાર્યશ્રીએ આ કચેરીને મોકલી આપવાનો રહેશે.

૧૬. જયાં સુધી આ કચેરીના જણાવ્યા મુજબ નિયત નમૂનામાં રીસર્ચ પ્રપોઝલ અને દરવર્ષની પ્રકાશિત પેપરની માહિતી આપના ધ્વારા પુરી પાડવામાં નહી આવે ત્યાં સુધી ૨૨ કલાકનો કાર્યભાર પ્રમાણે કામ કરવાનું રહેશે.

૧૭. નિમણૂંક પામેલ ઉમેદવારે તારીખ :૩૦/૦૯/૨૦૧૩ સુધીમાં નિમણૂંક સ્થળે હાજર થવાનું રહેશે.

**માનનીય આયુકતશ્રીના નોંધ ઉપર મેળવેલ આદેશાનુસાર**

**સંયુકત શિક્ષણ નિયામક (મહેકમ)**
**ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,ગાંધીનગર**

પ્રતિ,

૧ કુ. અધ્વર્યુ મેઘનાં રાજેન્દ્ર, ૧૧૦, નહેરુનગર સોસાયટી, ઈચ્છાનાથ રોડ, એસ. વી એન. આઈ. ટી. કોલેજ સામે, સુરત- ૩૯૫૦
૨. આચાર્યશ્રી, સરકારી વિજ્ઞાન કોલેજ, વાંકલ, તા. માંગરોળ,જિ. સુરત
૩. સંબંધિત તિજોરી અધિકારીશ્રી, / જિલ્લા પેટા તિજોરી અધિકારીશ્રી વાંકલ /માંગરોલ /સુરત
૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/ અમદાવાદ
૫. હિસાબી અધિકારીશ્રી,(પગાર) આ કચેરીમાં – તથા પગાર શાખા
૬. હુકમ ફાઈલે ૭. મહેકમશાખા – ખાનગી અહેવાલ ટેબલે (આ કચેરીમાં) ૮. રજીસ્ટારશ્રી, સંબંધિત યુનિવર્સિટી

<u>નકલ સવિનય જાણ સારું</u> :– ૧. સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, બહુમાળી મકાન, લાલદરવાજા, અમદાવાદ
૨. સેકશન ઓફિસરશ્રી, શિક્ષણ વિભાગ, ખ–શાખા, બ્લોક નં. ૫, ૭ મે માળ, સચિવાલય, ગાંધીનગર